## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તમારે વાયરલેસના જમાના પ્રમાણે, વુડ-લેસ હોળી અને વોટરલેસ ધુળેટી જોઇએ...!!

# ખ-૩ પાસે રાત્રે ટાટા ઈન્ડીકા કાર બળીને ખાક

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં ઉનાળાની પ્રારંભિક ગરમીમાં જ આગના બનાવો વધી રહ્યા છે.ત્યારે ગઈકાલે રાત્રીના સમયે પણ ખ-૩ પાસે ઈન્ડીકા કારમાં અચાનક આગ લાગી હતી. ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા જ આગની લપેટોમાં કાર બળીને રાખ થઈ ગઈ હતી. જયારે ફાયર વિભાગના કર્મચારીઓએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રીના સવા આઠ વાગ્યાના અરસામાં સેકટર-૫ માંથી ખ માર્ગ પર થઈને સેકટર-૨૬ માં ઈન્ડીકા કાર નં. જી. જે. ૦૧. કે. એ. - ૮૭૫૦ લઈને કમલેશભાઈ તેમના ભત્રીજા સાથે જઈ રહ્યા હતા. તે સમયે ખ-૩ પાસે કાર પહોંચતા જ એન્જીનના ભાગે થી સ્ટેયરીંગ તરફ ધુમાડો નીકળ્યો હતો અને અચાનક કારમાં આગ ભભુકી ઉઠી હતી.

જેથી તાત્કાલીક કમલેશભાઈ અને તેમનો ભત્રીજો નીચે ઉતરી ગયા હતા. બનાવની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક ફાયર જવાનોએ આવી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગની જવાળાઓમાં કાર સંપૂર્ણ બળીને સ્વાહા થઈ ગઈ હતી. કારમાં આગ શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ આંતરીક ખામીને પગલે લાગી હોય તેવી શકયતા છે. જયારે આગને પગલે ખ માર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.



## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો નથી.

● ગાંધીનગરમાં જિલ્લા રજીસ્ટ્રાર અને સબ રજીસ્ટ્રારની કચેરીઓ ૧૧મી માર્ચે પણ ચાલુ રાખવાનો નિર્ણય સરકારે કર્યો છે.

● જિલ્લામાં ગઈકાલે થયેલા માવઠાથી ઘઉં સહિતના પાકોને નુકશાન થયાનું ખેડૂતો કહી રહ્યા છે.

● ગાંધીનગરના પાલજ ગામે ગઠિયો રીક્ષા ચોરી ફરાર થયો હોવાની ઘટના નોંધાઈ છે.

● નારદીપુર ગામ પાસે અજાણ્યા વાહનચાલકની ટક્કરથી સાયકલસવારનું મોત થયાની ઘટના સામે આવી છે.

● કલોલના સાંતેજ ગામે પોલીસે એક ઈસમને મોબાઈલમાં જુગાર રમતાં ઝડપી લીધો છે.

● કલોલમાં ગેરકાયદે દબાણો દૂર કરવામાં રૂકાવટ ઉભી કરવાની ફરિયાદ કલોલના જુનિયર ટાઉન પ્લાનરે નોંધાવી છે.

● સે. ૩૦માં ૪ શખ્સોએ સામાન્ય બાબતે બે યુવાનો પર હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● ૨, ૯ અને ૧૬ એપ્રિલના રોજ જાહેર સેવા આયોગ દ્વારા યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષા મોકુફ રાખવાની જાહેરાત કરી છે.

● દહેગામ લીટલ એન્જલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો.

● આજે કર્મયોગીભવન સહિત વિવિધ સરકારી કચેરીઓમાં હોળી ઉત્સવ ઉજવાયો હતો.

● આચાર્ય શ્રી મહાશ્રમણજી મહારાજ સાહેબનો ૯, ૧૦, ૧૧ માર્ચના રોજ પ્રેક્ષાભારતી કોબા ખાતે કાર્યક્રમ યોજાયો છે.

● બ્રહ્મસમાજની બહેનોએ સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ તરફથી ડાકોર જતા પદયાત્રીઓ માટે સેવા કેન્દ્ર બાલાજી હનુમાન મંદિર કેસરા ખાતે સેવાયજ્ઞમાં જોડાઈ હતી.

● ટેકવોન્ડો એસો. દ્વારા હોળી પર્વ નિમિત્તે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી.

● ગાંધીનગર સાહિત્ય સભાએ હોળી પર્વને લઈ ખાસ બેઠક યોજી હતી.

● કુડાસણ સ્થિત એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ સે. ૨૨ના રંગમંચ પર ઉજવવામાં આવ્યો હતો.

● સ્વામિનારાયણ ધામ ખાતે આજે ગુરૂદેવ બાપજીના ૯૧મા પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

# દિકરાની સારવારમાં વ્યસ્ત પિતાની રોજી છીનવાઈ

### સિવિલમાં તાત્કાલીક વિભાગ સામેથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ ચોર ટોળકી માટે હોટ સ્પોટ જગ્યા બની ગઈ છે. સિવિલમાંથી આંતરે દિવસે વાહનચોરીના સામે આવે છે. શહેરમાંથી વાહનચોરી અટકવાનુ નામ લેતી નથી. ત્યારે સિવિલ હોસ્પિટલના ઓપીડી સેન્ટરની સામે ગાર્ડનની પાછળના ભાગેથી સીએનજી રીક્ષાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પાલજ ગામના રોહિતવાસ ખાતે રહેતા ભરત મનુભાઈ સોલંકી રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. બે માસ પહેલા જી.જે.૨૭.એ.ટી.-૧૧૦૭ રીક્ષા જુનામાં ખરીદીને મુસાફરોને લઈને ફરતો હતો. ગત તા.૧ માર્ચના રોજ તેમના ત્રણ માસના દિકરા રાધેને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સારવાર માટે દાખલ કર્યો હતો. જયાં તેની પાસે તેની માતા રહેતી હતી. ગત તા.૫ માર્ચના રોજ સાંજના સમયે રીક્ષા લઈને ટીફીન આપવા માટે ગાંધીનગર સિવિલ ખાતે આવ્યા હતા. જયારે રીક્ષા ઓપીડી સેન્ટરની સામે ગાર્ડન પાસે પાર્ક કરી હતી. ત્યારબાદ ટીફીન આપવા માટે ગયા હતા. જયારે રાત્રીના આશરે નવ વાગે પરત આવીને જોયુ તો પાર્ક કરી હતી તે જગ્યા પરથી રીક્ષા ગાયબ હતી. જયારે રીક્ષા આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી આવી ન હતી. રીક્ષા અંગે સિવિલમાં પણ પુછપરછ કરી હતી. પરંતુ રીક્ષા અંગેની કોઈ હકીકત જાણવા મળી ન હતી. ત્યારે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૭૦ હજારની રીક્ષા ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવી છે.

ઉલ્લેખનીય છે કે સિવિલમાં દર્દીઓ તેમજ સગા સંબંધીઓનો ધસારો વધુ રહે છે.જયારે સિવિલમાં યોગ્ય પાર્કિંગના અભાવે નાગરીકો પોતાના વાહન ગમે ત્યાં પાર્ક કરી દે છે. જેથી વાહનચોર કરતી ટોળકીને વાહન ચોરી કરવામાં સરળતા રહે છે.જયારે સિવિલના એક પણ ગેટ પર સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા નથી. જેનો લાભ ચોર શખ્સો ઉઠાવી રહ્યા છે.



### સે.૨૯માં શોપિંગ સેન્ટર પાસે પરંપરાગત હોલિકાદહન

દુઃખ, સંતાપ, ક્રોધ, વેરઝેર અને લાલચના દૂષણોને બાળી સમાજમાં સત્ય, નિષ્ઠા, પ્રેમ, સમાનતા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરતી હોળી પ્રાગટ્ય સૌ કોઈ માટે આનંદ અને ઉલ્લાસ લઈને આવે છે. શહેરના સેક્ટર-૨૯માં પ્રતિવર્ષ શોપિંગ સેન્ટર પાસે હોલિકાદહન કરવામાં આવે છે જેમાં સેક્ટરવાસીઓ સામૂહિક રીતે દર્શન કરી મંગલકામના વ્યક્ત કરે છે.

### લીંબોદરા પાટીયા પાસેનો બનાવ

# વાનની ટકકરે એકટીવા સવાર ત્રણ મિત્રો પૈકી એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લીંબોદરા પાટીયા પાસે મારૂતિવાન અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કડાથી દર્શન કરી ઘરે પરત ફરી રહેલા એકટીવા સવાર ત્રણ મિત્રો પૈકી એકનું ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું.બનાવ અંગે માણસા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના લેકાવાડા ગામના વણઝારા વાસમાં રહેતા મારસંગજી જેણાજી ઠાકોરના ચાર સંતાનો પૈકી ૧૮ વર્ષિય પુત્ર ભાવેશ ગઈકાલે પુનમ નિમિતે કડા માતાજીના મંદિર ખાતે દર્શન કરવા માટે ગયો હતો. આ સમયે તેની સાથે ગામના મિત્રો સુનિલ પ્રતાપજી ઠાકોર તેમજ અમરતજી પ્રતાપજી ઠાકોર સાથે બપોરે એકટીવા લઈને નીકળ્યા હતા. દર્શન કરી સાંજના સમયે ત્રણેય પરત આવી રહ્યા હતા. તે સમયે એકટીવા સુનિલ ચલાવતો હતો. જયારે લીંબોદરા પાટીયા નજીક પહોંચતા એક મારૂતિવાનના ચાલકે તેની વાન બાલવા થી માણસા તરફ જતા માર્ગ ઉપર લીંબોદરા પાટીયા પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને એકટીવા સાથે ટકરાઈ હતી. જેને પગલે એકટીવા ઉપરથી ત્રણ મિત્રો રોડ ઉપર પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.બનાવને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા.જયારે ત્રણેય મિત્રોને વાનનો ચાલક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયો હતો.જયારે ફરજ પરના ડોકટર દ્વારા ત્રણેયની પ્રાથમિક સારવાર કરી હતી. જો કે સુનિલને માથામાં અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.જયાં તેનુ સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે માણસા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



હોળીની ઉજવણી શહેરમાં ઠેર ઠેર થઈ હતી. વૃંદાવનમાં ઉજવાતી બાલકૃષ્ણનો દોલોત્સવ ઉત્સવ પંચદેવ મંદિર ખાતે પરંપરાગત રીતે ઉજવાય છે. પંચદેવ મંદિરે થયેલ આ ઉજવણીમાં ભાવિકો ઉલ્લાસભેર જોડાયા હતા.

# કાનપુર ગામે વરસાદમાં હોલિકાદહન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

આજરોજ તા.૦૬/૦૩/૨૦૨૩ના દિવસે ગાંધીનગર જિલ્લાના કાનપુર ગામ ખાતે વરસાદમાં પણ હોલિકા દહનનો કાર્યક્રમ કરવામાંઆવ્યોહતો. તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ ગાંધીનગર જિલ્લાના કાનપુર ગામ ખાતે હોલિકા દહનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સાંજેના ૬ વાગે અચાનક વાતાવરણમાં પલટો થયોહતો. તોફાની પવન સાથે ધોધમાર વરસાદ થયો હતો તેમ છતાં કાનપુર ગામના યુવાનો દ્વારા ખૂબ જ મહેનત કરીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જીતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ સંત મંડળ સહિત પૂર્વ ગુજરાતના પંચમહાલમાં વ્યસનમુક્તિ તથા પર્યાવરણ રક્ષણ યજ્ઞ સભર નગરયાત્રા યોજાઈ હતી તથા આગામી દિવસોમાં આવનાર બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

# સેકટર-૩ ન્યુ ખાતે આદિવાસી સમુદાય ઉત્સાહભેર ધુળેટી ઉજવશે

ગાંધીનગર, તા.૦૭

હોળી ધુળેટીનું પર્વ એ ભારતીય સંસ્કૃતિનું ખૂબ જ પ્રાચીન અને પ્રારંભિક પર્વ છે જેની વિવિધ સમુદાયો દ્વારા પોત પોતાની રીતે હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની આ મહામૂલી પરંપરાનું જતન કરવા અને તેને વધુ ઉજાગર કરવા ગાંધીનગરના આદિવાસી સમાજ તત્પર છે. ગાંધીનગરમાં પ્રતિ વર્ષ આદિવાસી હોળી સમિતિ ઢોલ, કુંડી, લેઝિમ અને દાંડિયાના તાલે સે.૩ ન્યુના કેસુડીયા વન ખાતે ઉત્સાહભેર ધામધૂમથી ધુળેટીનું પર્વ ઉજવતી હતી પરંતુ કોરોના મહામારીના કારણે તે ક્રમ તૂટી જતા સાતત્ય જાળવી શકાયું ન હતું તે બદલ સમિતિ દ્વારા દિલગીરી વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે આ વર્ષે ફરી એકવાર આદિવાસી હોળી સમિતિ અને સ્થાનિક વસાહત મંડળ દ્વારા પરંપરાગત ધુળેટી પર્વના ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત તારીખ આઠમી માર્ચના રોજ ધુળેટીના દિવસે બપોરે ૧:૩૦ કલાકે સેકટર ૩ન્યુના શોપિંગ સેન્ટર ખાતે ધુળેટી ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સામેલ થવા માટે શહેરના તમામ આદિવાસી સમાજના વડીલો, યુવક યુવતીઓ, પુરુષ-મહિલાઓ સહિત પરિવારજનો અને સ્વજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સાથે સમિતિ દ્વારા આદિવાસી સમાજ સિવાય અન્ય સમાજ કાર્યક્રમ નિહાળી સહભાગી થાય છે તે માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# વિરાતલાવડી ગામે અનોખી રંગબેરંગી હોલિકાદહનની ધામધૂમથી ઉજવણી



વિરાતલાવડી ગમે અનોખી રંગબેરંગી હોલિકાદહન કાર્યકમ માં ગામજનોએ વાજતેગાજતેસરપંચશ્રી ની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવણી માં શ્રદ્ધાપૂર્વક દર્શન કરી લાભ લીધો હતો.

# યુવાપેઢીનું નિર્માણ જ રાષ્ટ્રનું નિર્માણ છે : આચાર્ય દેવવ્રતજી



ગાંધીનગર, તા.૦૭

ગુજરાતના રાષ્ટ્રીય સેવા યોજના-એન.એસ.એસ.ના તેજસ્વી યુવા સ્વયંસેવકોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યુવાપેઢીનું નિર્માણ જ રાષ્ટ્રનું નિર્માણ છે. એન.એસ.એસ.ના યુવા સ્વયંસેવકો અન્ય છાત્રો માટે પ્રેરણા બને. ગુજરાતની ૬૨ યુનિવર્સિટીઓની સંલગ્ન કોલેજો અને જિલ્લાઓની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બે લાખથી વધુ યુવા સ્વયંસેવકો રાષ્ટ્રીય સેવા યોજના-એન.એસ.એસ. અંતર્ગત અભ્યાસની સાથેસાથે સમાજ સેવા કરી રહ્યા છે. ગુજરાતના ૧૦ યુવા સ્વયંસેવકો નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ પરેડ અને એક મહિનાની શિબિર માટે પસંદગી પામ્યા હતા. આ ૧૦ યુવા સ્વયંસેવકો આજે ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને મળ્યા હતા. રાજ્યપાલ શ્રી એ તેમને તેમના માતા, પિતા અને ગુરુજનોને અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અભ્યાસની સાથેસાથે વિદ્યાર્થીઓમાં સમાજની સેવા કરવાના ગુણો વિકસે એ અત્યંત જરૂરી છે. એન.એસ.એસ.ના સ્વયંસેવકોને આ વર્ષે પાણી બચાવવા અને વૃક્ષારોપણ માટે વિશેષ પ્રયત્નો કરવા તેમણે અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગ જેવી વિકટ સમસ્યા સામે પર્યાવરણ જાળવણી માટે ખાસ ઝુંબેશની જરૂર છે. ગ્રામીણ વિસ્તારોમાં તળાવ-સરોવરની ચોમેર મોટા પાયે વૃક્ષારોપણ કરવા તેમણે યુવાનોને આહ્વાન કર્યું હતું. યુવાનો પોતાના ખાનપાનમાં સ્વાસ્થ્યને વિશેષ મહત્વ આપે, ફાસ્ટફૂડ અને વ્યસનોથી દૂર રહે તેઓ પણ તેમણે અનુરોધ કર્યો હતો. આ મુલાકાત વેળાએ ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી પી. બી. પંડ્યા, સંયુક્ત કમિશનર શ્રી નારાયણભાઈ માધુ, રાજ્ય એન.એસ.એસ. અધિકારી શ્રી આર. આર. પટેલ, ડાયરેક્ટર શ્રી ગિરધર ઉપાધ્યાય, શ્રેયાન અધિક્ષક શ્રી ચેતનભાઈ પટેલ, શ્રી દેવાંગ પંડ્યા, શ્રીમતી રીટાબેન ડિ'સોઝા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એપ્રિલ માસમાં યોજાનારી જીપીએસસીની પરીક્ષા મોકુફ

### જીપીએસસીએ પરિપત્ર જાહેર કર્યો : વર્ગ-૧ અને વર્ગ-૨ની ત્રણ પરીક્ષાઓ યોજાવાની હતી

ગાંધીનગર, તા.૦૭

જીપીએસસી દ્વારા આગામી એપ્રિલ માસમાં યોજાનારી વર્ગ-૧ અને વર્ગ-૨ની મળીને કુલ ત્રણ પરીક્ષાઓ યોજાવાની હતી તે મોકૂફ રાખવામાં આવી છે. ગુજરાત જાહેર સેવા આયોગના સંયુક્ત સચિવે પરિપત્ર દ્વારા આની જાહેરાત કરી છે. આ પરિપત્ર પ્રમામે, ૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ જૂનિયર ક્લાર્કની પરીક્ષા હોવાથી ૨,૯ અને ૧૬ એપ્રિલ, ૨૦૨૩ના રોજ યોજાનારી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧-૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પરીક્ષા મોકૂફ રખાય છે. પરિપત્ર પ્રમાણે મુખ્ય પરીક્ષાની નવી તારીખ નક્કી કરાયા બાદ આયોગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

ઉમેદવારોને આયોગની વેબસાઈટ જોતા રહેવાની સંયુક્ત સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા પરિપત્રમાં તાકીદ કરવામાં આવી છે.

# તિલક હોલીનું આયોજન કરાયું



ગાંધીનગરની અત્યંત પ્રતિષ્ઠિત ઉમા આર્ટસ અને નાથેબા કોમર્સ મહિલા કોલેજ સેક્ટર ૨૩ ખાતે તારીખ ૭ માર્ચ ૨૦૨૩ ના રોજ હોળી ધૂળેટીના રંગોત્સવ સંદર્ભે તિલક હોલી નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી , અધ્યાપક ગણ, વહીવટી કર્મચારીઓ તથા લગભગ ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ પરસ્પર ગુલાલથી તિલક કરીને, ગુલાલ છાંટીને પ્રેમ અને આત્મીયતાથી આ પાવન પર્વની ઉજવણી કરી. પર્યાવરણ તથા સ્વાસ્થ્યને થતા નુકસાનનેધ્યાનમાં રાખીને રાસાયણિક રંગો નહીં પરંતુ માત્ર ગુલાલનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૌએ એકબીજાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. શિસ્ત, આનંદ અને ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી .